## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**સાહેબ, ગરમ ચ્હા પીવાથી કોરોના મટી જાય છે એમ સાંભળ્યું... પણ હવે ચ્હાવાળા પણ દેખાતા નથી...!!**



પ્લાસ્ટીકનો કચરો શહેર માટે મોટી સમસ્યા છે. પ્લાસ્ટીકના ઉપયોગ પર પ્રતિબંધ હોવા છતાં શહેરમાં ઠેર ઠેર તે જોવા મળી જાય છે. ગ્રીનસીટી ગાંધીનગરની શોભાને તે ટીળી લગાવે છે. જો કે શહેરના સફાઈકર્મીઓ અવિરત સાફસફાઈમાં જોતરાયેલા રહી શહેરને પ્લાસ્ટીકના કચરામાંથી મુકત બનાવવા મહેનત કરી રહ્યા છે.

## અમદાવાદમાં ૧૨૮ પોલીસ કર્મીઓ કોરોનાના સકંજામાં

અમદાવાદ શહેરમાં ફ્ન્ટલાઈન કોરોના વોરિયર્સ તરીકે ફરજ બજાવતાં વધુ પોલીસ કર્મચારીઓ કોરોનાના સંકજામાં સપડાયા છે. ગોમતીપુર પોલીસમથકના પીએસઆઈ બી.બી.સિંઘ સહિતના બે કર્મચારીઓ કોરોનાગ્રસ્ત બનતાં તેમને એસવીપી હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ સાથે અમદાવાદ શહેરમાં અત્યારસુધીમાં કોરોના સકંજામાં સપડાયેલા પોલીસ કર્મચારીઓનો આંક ૧૨૮નો થયો છે. જો કે, ૪૦ જેટલા પોલીસ કર્મચારીઓ કોરોનામુકત સાજા થઈ જતાં તેઓને રજા પણ આપી દેવાઈ છે. સમગ્ર ગુજરાત રાજયમાં કોરોના વાયરસની ભયંકર પરિસ્થિતિ અમદાવાદ શહેરમાં પ્રવર્તી રહી છે.

# ગાંધીનગરના અને દહેગામના ૧૧૬૪ શ્રમિકોને ઉત્તાર પ્રદેશ ગોરખપુર ખાતે રવાના કરાયા

ગાંધીનગર

ગાંધીનગર તાલુકાના ૪૭૨ અને દહેગામ તાલુકાના ૬૯૨ મળી કુલ- ૧૧૬૪ શ્રમિકોને સ્પેશિયલ ટ્રેન દ્વારા આજે વહેલી સવારે અમદાવાદ ખાતેથી ઉત્તર પ્રદેશના ગોરખપુર જવા રવાના કરવામાં આવ્યા છે.

ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી જે.એમ.ભોરણીયા, ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.એ.ધાંધલીયા અને મામલતદાર શ્રી સુનિલભાઈ રાવલ અને વહીવટી તંત્ર દ્વારા આજે વહેલી સવારે ૪.૦૦ કલાકે શ્રમિકોનો હેલ્થ ચકાસણી કરવામાં આવી હતી. આ તમામ શ્રમિકોને સવારે ગરમાગરમ નાસ્તો કરાવવામાં આવ્યો હતો. ૪૭૨ શ્રમિકોને ગાંધીનગર એસ.ટી.ડેપોની ૧૮ બસો દ્વારા સાબરમતી રેલ્વે સ્ટેશન, અમદાવાદ ખાતે લઈ જવામાં આવ્યા હતા. ટ્રેનમાં તેમની મુસાફરી દરમ્યાન સાથે પાણીની બોટલ અને સુકા નાસ્તાના ફૂડ પેકેટ પણ આપવામાં આવ્યા હતા. તમામ શ્રમિકોને ગોરખપુર ઉત્તર પ્રદેશ તરફ રવાના કરવામાં આવ્યા શ્રમિકો દ્વારા પણ આનંદની લાગણી વ્યકત કરવામાં આવી અને સમગ્ર ટીમ અને ગાંધીનગર વહીવટીતંત્ર નો આભાર માન્યો.





ગુજરાતમાં કોરોનાનો કહેર વધતો જાય છે. દરરોજ વધતી દર્દીઓની સંખ્યા ચિંતા ઉપજાવે છે. લોકડાઉનનો સમયગાળો વધ્યો છે ત્યારે મજૂરી કામ માટે અહીં આવેલા પરપ્રાંતિયો વતન જવા માટ ઉતાવળા થયા છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં ફસાયેલા પરપ્રાંતિયોને તેમના વતન મોકલવા માટે ગાંધીનગરથી સાબરમતી રેલવે સ્ટેશન સુધીની વિશેષ બસો શરુ કરાઈ હતી. અંદાજે ૬૦૦ જેટલા શ્રમિકોને રેલ્વે સ્ટેશન મોકલાયા હતા.

# શહેરના યુવાનો કોરોના હેરસ્ટાઈલ સાથે ન્યુલુકમાં માથે કોઈ ભાર નહીં..

### પત્ની પણ પતિદેવોને ટ્રીમરની મદદથી હાથફેરો કરી ટકો કરી દે છે : ગરમીમાં માથે વધતા વાળથી મુંઝવણ અનુભવતા વડીલો અને યુવાનોમાં પણ કોરોના હેરસ્ટાઈલનો વધતો ક્રેઝ

ગાંધીનગર તા ૬

દેશમાં કોરાનાના સંક્રમણે ગરમીની જેમ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. એકબાજુ કોરોનાનો ખતરો છે. જયારે બીજીતરફ આકરી ગરમી પણ આમ નાગરિકોની સમસ્યા વધારી રહી છે. આવા સંજોગોમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે આમ નાગરિકો સામે રોજબરોજ અવનવા પ્રશ્નો આવે છે. ગરમીમાં માથા પર વધતા વાળ પણ મુંઝવણમાં વધારો કરે છે. એકબાજુ લોકડાઉન વચ્ચે સલુન બંધ છે. ત્યારે વધતા વાળની સમસ્યામાં ગરમીથી છુટકારો મેળવવા સેકટરમાં કોરોના હેરસ્ટાઈલનો ટ્રેન્ડ મજબુત બન્યો છે. કેટલાક કિસ્સામાં તો પત્ની જ પતિદેવોના માથે હાથફેરો કરી દે છે...ટ્રીમરની મદદથી માથાના વાળ દુર કરીને ટકલુ બનતા યુવાનો તેમજ વડીલોની સંખ્યા શહેરમાં રોજબરોજ વધી રહી છે. સલુનની બંધ દુકાનો વચ્ચે આ કોરોના હેરસ્ટાઈલ હાલ નગરજનોમાં ફેવરીટ બનતી જાય છે.



સમગ્ર દેશમાં કોરાના વાયરસના લીધે લોકડાઉન છે. દેશની દુકાનો પર છેલ્લા ૪૦ દિવસથી તાળા વાગેલા છે. કરિયાણા, દુધ અને દવા સિવાયની તમામ દુકાનો બંધ રહેતા આમ નાગરિકો અન્ય જરૂરિયાત સંતોષવા માટે નતનવા વિકલ્પો અપનાવતા નજરે પડી રહ્યા છે. એકબાજુ પાન મસાલાનુ વ્યસન ધરાવતા યુવાનો અને વડીલો પણ પરેશાન છે. અલબત્ત જેને પાન મસાલા વિના ચાલતુ જ નથી એવા નાગરિકો યેનકેન પ્રકારે માવા તમાકુનો જુગાડ કરવામાં જ દિવસ પસાર કરે છે. લોકડાઉનમાં આમ પણ અન્ય કોઈ કામ નથી ત્યારે પાન મસાલાની વ્યવસ્થા કરવાનુ વ્યસનના આદીઓ માટે મુખ્ય બન્યુ છે. બીજીતરફ સલુન અને સ્પા પણ બંધ છે. ત્યારે આકરી ગરમીમાં વધી ગયેલા વાળ પણ પરેશાનીનુ કારણ બન્યા છે. જો કે વાળને દુર કરવાનો ઉપાય સહેલો છે. અલબત્ત મોટાભાગના લોકો ઘરે જ માથે કાતર ફેરવી થોડી રાહત મેળવી લે છે પરંતુ કેટલાક યુવાનોએ કોરોનાકાળમાં નવી હેરસ્ટાઈલ બનાવી છે. કોરાના દરમિયાન આમ પણ દુકાનો લાંબા સમય સુધી ખુલે તેવુ લાગતુ નથી જયારે સલુનમાં જવામાં પણ ખતરો છે. ત્યારે લાંબા સમય સુધી વાળ કપાવાની નોબત ન આવે તે માટે સેકટરોમાં કેટલાક યુવાનોએ કોરોના હેરસ્ટાઈલ અપનાવી લીધી છે.

માથે એક પણ વાળ ન રહે તે મુજબ ઘરમાં ટ્રીમરનો ઉપયોગ કરી માથુ સપાચટ કરી દેવાય છે. પત્ની પણ પતિદેવોને ટકો કરવામાં મદદ કરે છે.. કોરોનાના રોગચાળાથી બચવા દુકાનો ખુલ્લી મુકવામાં આવે તો પણ નાગરિકો હમણાં હેર સલુનમાં ન જવુ જોઈએ તેવો સુર ઉઠાવી રહ્યા છે. હાલના સમયમાં કોરાનાના રોગચાળાની સાથે ગરમીએ પણ માથુ ઉંચકયુ છે. આકરી ગરમીમાં માથે વધેલા વાળથી નાગરિકો વધુ મુંઝવણ અનુભવે છે. જેને અનુલક્ષી યુવાનો તેમજ વડીલોએ આ કપરાકાળમાં નવી કોરોના હેરસ્ટાઈલનો સહારો લીધો છે. માથુ ઓળવાની કે ધોવાની માથાકુટ નહી અને ગરમીમાં પણ રાહત જયારે એકવાર માથા પર પત્નીનો હાથ ફરી વળે એટલે ૬ મહીના સુધી સલુનમાં જવાની પણ જરૂર ન રહે...!!

# ભારતીય નૌસેના દ્વારા શરૂ થયું ઓપરેશન સમુદ્ર સેતુ

વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને દેશમાં પરત લાવવા માટે રાષ્ટ્રીય પ્રયત્નોના એક ભાગરૂપે ભારતીય નૌસેના દ્વારા ઓપરેશન 'સમુદ્ર સેતુ' શરૂ કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં ભારતીય નૌસેનાના જહાજો 'જલશ્વ' અને 'મગર' દ્વારા ભારતીયોને પાછા લાવવા માટેનું ઓપરેશન ૮ મે, ૨૦૨૦થી શરૂ થશે. આ ઓપરેશનના ભાગરૂપે હાલ બંને જહાજો સાથે રિપબ્લિક ઑફ માલદીવ્સની રાજધાની 'માલે' બંદર પર જવા માટે ભારતીય નૌસેનાના જાંબાઝ જવાનો રવાના થઈ ચૂક્યા છે. વિદેશમાં વસતા ભારતીયો પર કોવિડ-૧૯ના રોગચાળાની શું અસર છે તેની પરિસ્થિતિ પર સરકાર ખૂબ બારીકાઈથી નજર રાખી રહી છે. ભારતીય નૌકાદળને સમુદ્ર માર્ગે ભારતીયોને પાછા લઈ આવવા માટે યોગ્ય તમામ તૈયારીઓ કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે.

રિપબ્લિક ઑફ માલદીવ્સમાં સ્થિત 'ધ ઈન્ડિયન મિશન' ભારતીય નૌસેનાના જહાજો પર જનારા ભારતીય નાગરિકોની યાદી તૈયાર કરી રહ્યું છે. 'ધ ઈન્ડિયન મિશન' જરૂરી મેડિકલ સ્ક્રીનીંગ બાદ આ ભારતીયોને જહાજ પર સરળતાથી પહોંચાડવામાં પણ મદદ કરશે.

# દેશમાં એક માત્ર ગુજરાત જ એવું રાજ્ય છે કે સૌથી વધુ ટ્રેનો દોડાવાઈ

### પરપ્રાંતીય શ્રમિકોને તેમના વતન પહોંચાડવા સરકાર પ્રતિબદ્ધ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને અન્ય વરિષ્ઠ મંત્રીઓની ઉપસ્થિતિમાં વિડિયો કોન્ફરન્સના માધ્યમ દ્વારા રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી. મુખ્યમંત્રીશ્રીએ તમામ જિલ્લાના કલેકટરશ્રીઓને પરપ્રાંતિય શ્રમિકોને વતન મોકલવા માટેની સંપૂર્ણ વ્યવસ્થા ઝડપથી કરવા માટે સૂચનાઓ આપી હતી.



આ અંગેની વિગતો આપતાં મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિની કુમારે ઉમેર્યું કે ગુજરાતમાં વસતા અન્ય રાજ્યના શ્રમિકોને તેમના વતન પહોચાડવા રેલવે અને ખાનગી બસોની પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી અશ્વિનીકુમારે જણાવ્યું કે, ગુજરાતમાં વસતા પરપ્રાંતિય તેના વતનમાં પહોંચે તે માટે રાજ્ય સરકારે સંપૂર્ણ વ્યવસ્થા સુનિશ્ચિત કરી દીધી છે ત્યારે, પરપ્રાંતીયો પણ ધીરજ રાખીને સંપૂર્ણ સહયોગ આપે તેવી અપીલ છે. આ એક લાંબી પ્રક્રિયા છે એટલે સંયમતાપૂર્વક આપનો સહયોગ અત્યંત અનિવાર્ય છે. તમામ લોકો જેઓ જવા ઈચ્છે છે તે પોતાના વતન ન પહોંચે ત્યાં સુધી આ વ્યવસ્થા ચાલુ રહેશે એ માટે જિલ્લા વહીવટી તંત્રને ચોક્કસ દિશા નિર્દેશો આપી દેવાયા છે.

ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે કે જ્યાંથી સૌથી વધુ ટ્રેન યુ.પી., બિહાર, ઝારખંડ અને ઓડીશા જવા રવાના થઈ છે. માત્ર ચાર દિવસમાં ૩૦થી વધુ ટ્રેનો સુરત, રાજકોટ, અમદાવાદ અને વડોદરાથી રવાના થઈ છે. જેના દ્વારા ૪૬ હજારથી વધુ શ્રમિકો રવાના થયા છે.

બુધવારે વધારાની બીજી ૩૦ ટ્રેનો ગુજરાતમાંથી અન્ય રાજ્યોમાં રવાના થશે એટલે આવતીકાલ સુધીમાં અંદાજે ૮૨,૦૦૦થી વધુ શ્રમિકો પોતાના વતન પહોંચશે. શ્રમિકોએ ગભરાવાની જરૂર નથી. માત્ર વહીવટી તંત્રને સહયોગ આપવાની જ જરૂર છે. અત્યાર સુધીમાં રેલવે, બસ દ્વારા કુલ ૩.૨૫ લાખથી વધુ શ્રમિકોને તેમના વતન જવા રવાના કરી દેવાયા છે.



તેમણે પરપ્રાંતિયોને અપીલ કરતા કહ્યું કે, રાજ્યનું વહીવટી તંત્ર ખૂબ જ સંવેદના સાથે સમગ્ર વ્યવસ્થા કરી રહ્યું છે ત્યારે, આપ સૌ અધીરા ન બનો અને રોડ પર ન આવો તથા ખોટા સંઘર્ષમાં ન ઉતરો એ જરૂરી છે.

ખાસ પ્રકારની વિશેષ રેલ વ્યવસ્થા ગોઠવાય છે એટલે એનું માઈક્રોપ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે.

# રાજીવ ગુપ્તાએ ડે. મ્યુનિ. કમિશનરોનો ઉધડો લીધો

અમદાવાદ,તા.૬

કોરોના વાઈરસ સામે ગુજરાતની લડાઈની વચ્ચે રાજ્ય સરકારે આરોગ્યવિભાગમાં ફેરફાર કર્યા છે અને વિભાગને માર્ગદર્શન આપવા માટે મહેસૂલવિભાગના અધિકસચિવ પંકજ કુમારની નિમણૂક કરી છે. જેને પગલે કોરોના સામે ગુજરાતની લડાઈનો ચહેરો બની ગયેલાં લોકપ્રિય ડો.જયંતી રવિ સહિતના અધિકારીઓ સાઈડલાઈન કરાયાની ચર્ચા ઉઠવા પામી છે. સરકારના આ નિર્ણયના કારણે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો.જયંતિ રવિની સત્તામાં કાપ આવશે અને તેમણે પંકજ કુમારને રિપોર્ટ કરવાનું રહેશે. તો, મુકેશ કુમાર દ્વારા હવે અમદાવાદની પરિસ્થિતિ સુધારવા માટે ઉચ્ચ અધિકારીઓની મદદથી પ્લાન બી અમલમાં મૂકવાની તજવીજ હાથ ધરી છે. અમદાવાદમાં કોરોનાની બેકાબૂ પરિસ્થિતિ નિયંત્રણમાં લાવવા હવે નવો એકશન પ્લાન અમલમાં મૂકવાની દિશામાં પણ ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી છે. દરમ્યાન આજે રાજયના ઉચ્ચ સનદી અધિકારી રાજીવ ગુપ્તાના નેજા હેઠળ બોલાવાયેલી મહત્વની બેઠકમાં અમ્યુકોના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરો કોરોનાની સ્થિતિને લઈ જરૂરી માહિતી કે સંતોષજનક સ્પષ્ટતા આપી શકયા ન હતા, જેને લઈ રાજીવ ગુપ્તાએ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કક્ષાના ઉચ્ચ અધિકારીઓનો રીતસરનો ઉધડો લઈ નાંખ્યો હતો.

બાદમાં ઈન્ચાર્જ મ્યુનિસિપલ કમિશનર મુકેશ કુમારે દરમ્યાનગીરી કરી તેમને શાંત પાડયા હતા. બેઠકમાં માત્ર એક-બે અધિકારીએ જ કામોની માહિતી આપી હતી, બાકીના અધિકારીઓ ચૂપ બેસી રહેતાં રાજીવ ગુપ્તા નારાજ થયા હતા અને અધિકારીઓને ખખડાવી નાંખ્યા હતા. આરોગ્યવિભાગના અગ્રસચિવ ડો.જયંતી રવિ છેલ્લા લગભગ સવા મહિનાથી પત્રકારપરિષદ યોજીને રાજયની કોવિડ-૧૯ અંગે રાજય સરકારની કામગીરી અને સમગ્ર પરિસ્થિતિ અંગે માહિતી આપતાં હતા. જેને લઈ તેઓ કોરોના સામે ગુજરાતની લડાઈનો ચહેરો બની ગયાં હતાં, પરંતુ હવે તેમની સત્તા ઉપર કાપ મૂકવામા આવ્યો હોવાની ચર્ચા તેજ બની છે. ગઈકાલે સાંજે નિયમિત સમય પહેલાં જયંતી રવિએ પત્રકાર પરિષદ સંબોધી, ત્યારે તેમની સાથે પંકજ કુમાર પણ હતા. જેમાં તેમણે હોમ અમદાવાદના મ્યુનિસિપલ વિજય નહેરા ૧૪ દિવસ માટે હોમ ક્વોરેન્ટીન થયા હોવાની જાહેરાત કરી હતી.

